બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨)

**નોંધ :-** (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.

(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.

(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

### (વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, અગિયારમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

**૧. અક્ષરધામ એ અન્ય અવતારો તથા દેવોના ધામ (સ્થાનકો)થી ભિન્ન અને પર છે. (૪/૩૦)**

**પ્રમાણ- ૧ :** બદ્રીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં;
ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં. **(નિ. કા. વચનવિધિ : ૩૭)**

**નોંધ :-** આ કિર્તનની આગળની પંક્તિઓ પરીક્ષાર્થીએ લખી હોય કે ન લખી હોય અને ઉપરની બે જ પંક્તિ લખી હોય તો પણ સાચું આપવું.

**પ્રમાણ- ૨ :** 'ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે, તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે' **(સદ્. મુક્તાનંદ સ્વામી)**

**પ્રમાણ- ૩ :** 'પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.' **(વચ. પં. ૧)**

**પ્રમાણ- ૪ :** 'જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે; સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે.
અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે પ્રભુજીની પાસ રે, સુખ સુખ જ્યાં સુખના દરિયા,
ત્યાં વસી રહ્યા વાસ રે, એવા ધામની આગળ બીજાં, શી ગણતીમાં ગણાય રે......' **(ચોસઠપદી : ૫૫, ૫૬)**

**પ્રમાણ- ૫ :** 'જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યાં છે.' **(વચ.સા. ૧, ૪, ૧૧, ગ. અં. ૨૮)**

**પ્રમાણ- ૬ :** 'મા' પ્રલય કાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે,
પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે,
ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે.' **(ચોસઠપદી, ૫૬)**

**પ્રમાણ-૭ :** 'ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે.' **(વચ. ગ. મ. ૨૪)**

**પ્રમાણ-૮ :** न तद्भासयते सूर्यो न शशाङ्को न पावक। यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ **(ગીતા - ૧૫-૬)**
અર્થાત્ જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા ૧૫-૬), (**નોંધ :-** સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું)

**પ્રમાણ-૯ :** અક્ષરધામની અવધિ નથી. એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. **(વચ. લોયા. ૧૪)**

**પ્રમાણ-૧૦ :** 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, સર્વ સાપ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ,
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય, શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.'
(શ્રીજીમહારાજ ઓરડાના પદમાં, સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી)

**પ્રમાણ-૧૧ :** તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે,
તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે,
તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે,
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે. **(ચોસઠપદી : ૫૫) (સદ્. નિષ્કુળાનંદ સ્વામી)**

**પ્રમાણ-૧૨ :** બીજાં ધામો કરતાં અક્ષરધામ શ્રેષ્ઠ છે. **(સ્વા.વા.૩/૧૧, ૨૩, ૪૯)**

**પ્રમાણ-૧૩ :** 'એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે.' **(વેદરસ : પૃ-૧૪૬)**

**પ્રમાણ-૧૪ :** 'અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે..... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ.' **(વચ.અમ. ૭)**

૨. **સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ** (૨/૬)

**પ્રમાણ-૧** ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે. **(વચ.ગ.અં. ૩૫)**

**પ્રમાણ-૨** સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે અને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચન્દ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. **(વચ.અમ. ૭)**

**પ્રમાણ-૩** ભક્તચિંતામણિમાં પણ શ્રીજીમહારાજ કહે છે :

વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે, સુખદુઃખ વળી જયપરાજય, યત્કિંચિત્ જે કહેવાય છે.<br>
જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી, જુઓ સર્વે જકતમાં, કોણ શકે છે ફેલ આચરી<br>
તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર; જે જે થાય છે જકતમાં, તેનો બીજો નથી કરનાર. **(ભ.ચિં. પ્ર. ૭૬)**

**પ્રમાણ-૪** મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ,<br>
મારી દૃષ્ટિએ જકત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ. **(ભ.ચિં. પ્ર. ૬૮)**

**પ્રમાણ-૫** જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન, સૌને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન.....<br>
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય, મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય. **(સદ્. પ્રેમાનંદ સ્વામી)**

**૩. ગુણાતીતાનંદ સ્વામી 'મૂળ અક્ષર' શાસ્ત્રોના આધારે** (૬/૧૧૪)

**પ્રમાણ- ૧:** मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते । भूयान्मेऽत्र समानन्दो यतो धामाक्षरं स मे ॥<br>
मुक्तैरनन्तैः साकं मे यत्राडखण्डतयोष्यते । ऊर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥ (શ્રીહરિલીલાકલ્પતરુઃ૭-૧૭-૪૯, ૫૦)

'આજે ભાદરામાં પ્રગટ થયેલા મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ધામ છે તેને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષરબ્રહ્મધામ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે અખંડ રહું છું.'

**પ્રમાણ- ૨:** 'વંદુ ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર્યામી;<br>
ભગવદ્વાર્તા સતત કરહી, ધ્યાન ધર્મનંદનકો ધરહી,<br>
ઉત્તમકુલમાં ધરી અવતાર, શ્રીહરિ કાજ તજ્યો સંસાર;<br>
રખે ધર્મ પુનિ ધર્મ રખાવે, આદિ હી અક્ષર આપ કહાવે.' **(પુરુષોત્તમ ચરિત્ર)**

**પ્રમાણ- ૩ :** 'અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યાં વર્તમાન પોતે પાળીને પછી પળાવ્યાં,<br>
જનને દઈ ઘણું જ્ઞાન આવોજી અવતારી, આનંદકારી, પ્રીતમ જીવનપ્રાણ.'<br>
ગુણાતીતાનંદ મૂળ અક્ષર ધ્યાની, શ્રીહરિનું મન શુકજી જ્ઞાની; બેઉ મળી ઉતારે હરિની આરતી રે,<br>
આજે નટવરજીને નિરખી હરખ ઉરે અતિ રે. **(આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ - કીર્તનકૌસ્તુભમાળા)**

**પ્રમાણ- ૪:** 'ધામ ધામી જ સાથે પધાર્યા, સ્વામી ને મહારાજ, એકાંતિક ધર્મ સ્થાપવા બની, અલૌકિક જોડી આજ રે,<br>
આવો હે અવિનાશી, સુખના રાશી, અક્ષરના આધાર, દયાળુ તમે દયા કરી લાવ્યા, મૂળ અક્ષરને સાથ;<br>
ગુણાતીતાનંદ નામ છે જેનું, પાડ્યું છે પોતે હો નાથ રે, આવો હે અવિનાશી,<br>
સુખના રાશી, અક્ષરના આધાર.' **(બ્રહ્મચારી કૃષ્ણાનંદજી)**

**૪. ગુણાતીત સંતના લક્ષણો** (૫/૮૩)

**પ્રમાણ - ૧ :** 'સાચા સંતનાં અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે,<br>
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડિઘડિયે.' **(ચોસઠ પદીઃ ૯) ( સદ્. નિષ્કુળાનંદ સ્વામી)**

**પ્રમાણ - ૨ :** 'જડબુદ્ધિ જીવ પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું,<br>
રંગપીતપણે, સોનું ને પિત્તળ ન હોય એક સરખું. **(સદ્. બ્રહ્માનંદ સ્વામી)**

**પ્રમાણ - ૩ :** નારી નયન શર જાહિ ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા<br>
લોભ પાશ જેહિ ગર ન બંધાયા સો નર તુમ્હ સમાન રઘુરાયા. **(કિષ્કિન્ધા કાણ્ડ-૨૦માં દોહા પછીની ચોપાઈ)**

**પ્રમાણ - ૪ :** तस्माद् गुरं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।<br>
शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम्।। (શ્રીમદ્ ભાગવત ૧૧-૩-૨૧)

**પ્રમાણ - ૫** : 'ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઇન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચ વર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.' **(વચ. ગ.અં. ૨૬)**

**પ્રમાણ - ૬** : 'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણો જ્યાં દેખાય- એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય.' **(વચ. ગ.અં. ૨૭)**

**પ્રમાણ - ૭** :- 'દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન કર્મ વચને વર્તવું.' **(વચ. ગ.અં ૩૮)**

**પ્રમાણ - ૮** : 'જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.' **(વચ.ગ. પ્ર. ૪૪)**

**પ્રમાણ - ૯** : 'સ્વધર્મ જ્ઞાન વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.' **(વચ. ગ. પ્ર. ૫૪)**

**પ્રમાણ - ૧૦** : 'જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા.' **(વચ. ગ. મ. ૨૩)**

**પ્રમાણ - ૧૧** : पुष्पहाराय सर्पाय એવું જે વર્તે, તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અર્થ કર્યો છે. (આત્મા પરમાત્માનો વેગ લગાડવો તે) તેવાં લક્ષણ હોય તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુદ્ધ રહે. લગાર આજ્ઞા લોપે નહિ એવા હોય. **(સ્વા. વા. ૫-૧૪૩)**

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. 'બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંધિવાનના બંધ સોય રે;
તેમ બંધથી છોડ્યા બહુ જન રે, પોતે પ્રગટ શ્રી ભગવન રે.'

**જ. (પ્રચલિત પ્રસંગો) શ્રીજીમહારાજે પ્રસંગોપાત્ત સમજાવેલું પોતાનું સર્વોપરીપણું** (૪/૪૯)

૨. ભગવાનમાં મનુષ્યભાવ દેખાય છે તે નટની માયાની પેઠે છે. **જ. દિવ્યભાવ** (૩/૨૦)

૩. આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર, પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ.

**જ. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : અન્ય પરમહંસોનાં વચનોના આધારે** (૪/૩૯)

૪. અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે. **જ. ઉપાસનાનું મહત્ત્વ** (૧/૨)

૫. ब्रह्मविद् ब्रह्मैव भवति

**જ. મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યકતા : બ્રહ્મરૂપ થવા માટે** (૬/૧૦૦)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, ૩ (૫/૮૬-૮૭) **૨.** ૨, ૩ (૬/૯૮-૯૯)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

૧. **ચૈત્રી પૂનમના સમૈયે વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ આપેલી પોતાની ઓળખાણ.** (૬/૧૨૩) સંવત ૧૯૨૩ ચૈત્રી પૂનમના સમૈયામાં ગુણાતીતાનંદ સ્વામી વરતાલ સમૈયે આવવાના હતા. ત્યારે પવિત્રાનંદ સ્વામીએ પ્રબંધ કર્યો હતો કે કોઈએ સ્વામીનું સ્વાગત કરવા ન જવું. પણ સ્વામી આવ્યાના સમાચાર મળતાં સભા ઊઠીને સામે ગઈ. વળી સભામાં પણ સ્વામીને પગે લાગવા આવવા લાગ્યા. તેથી ધક્કામુક્કી થઇ. ને આગળથી જ સ્વામીને ઠપકો આપવાનું ગોપાળજી દાદાએ માથે રાખેલું. તેથી આ પ્રસંગે ગોપાળજી દાદા સ્વામીને ઠપકો આપતાં બોલ્યા, 'પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી સ્વામીને પણ ભગવાન થવું છે માટે કોઈને કાંઈ કહેતા નથી.' આથી સ્વામી ઊંચા સાદે સભામાં બોલ્યા, 'કોઈ અમને ભગવાન કહેશો નહિ. ભગવાન તો એક સર્વોપરી અને સર્વાવતારના કારણ એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે અને શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે આજે આ સભામાં તમારી સામે વાતો કરે છે. માટે ઓળખી રાખજો.' **સિધ્ધાંતઃ-** પોતે મૂળ અક્ષર હતા તો વિરોધના વંટોળમાં પણ ડર્યા વગર નિધડકપણે પોતાના અક્ષર-સ્વરૂપની સ્પષ્ટતા કરી.

૨. **''સોરઠના હરિભક્તોને અક્ષરધામ બક્ષિસ.''** (૬/૧૧૭) ભૂજનગરથી રામાનંદ સ્વામી દર્શન દેવા પધારે છે તે સમાચાર આખા ગામના કુરજી દવેએ જ્યારે આપ્યા ત્યારે સૌએ તેમને જુદી જુદી ભેટો રાજી થઈને આપી હતી. મહારાજે તે વખતે કુરજી દવેને કહ્યું હતું કે અમે તમને અમારું અક્ષરધામ બક્ષિસ આપીએ છીએ. કુરજી દવે તે વખતે કાંઈ સમજ્યા ન હતા. જૂનાગઢ મંદિરની મહંતાઈનો હાર શ્રીજી મહારાજે સ્વામીને પહેરાવ્યો ત્યારે મહારાજે પોતાનો સઘળો પોષાક સ્વામીને પ્રસાદી રૂપે આપ્યો અને પોતાના હાથે સ્વામીને માથે પાઘ મૂકી આશીર્વાદ આપ્યા. ત્યારે સભામાં બેઠેલા કુરજી દવેને પોતે આપેલ વચન યાદ દેવરાવીને મહારાજે કહ્યું 'તે વખતે તમે કાંઈ સમજ્યા ન હતા પણ આજે અમારું આ અક્ષરધામ જે ગુણાતીતાનંદ સ્વામી તે તમને-સોરઠના હરિભક્તોને બક્ષિસ આપીએ છીએ. સોરઠ દેશના સત્સંગીઓને અમારું સુખ અમે યર્થાથ આપી શક્યા નથી. તેથી આ સાધુ જે અમારું સર્વસ્વ છે તે અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ.' **સિધ્ધાંત:-** ગુણાતીતાનંદ સ્વામીમાં પણ શ્રીજી મહારાજ જેવી અને જેટલી સાર્મથી હતી. મહારાજના દર્શન અને સમાગમનું યર્થાથ સુખ સોરઠના હરિભક્તોને મળતું ન હતું. તે સ્વામી દ્વારા મળશે. તેવી ખાતરી સોરઠના હરિભક્તોને કરાવી. આમ સ્વામી મૂર્તિમાન અક્ષરધામ છે તેની યર્થાથ ઓળખાણ આ પ્રસંગે મહારાજે સૌને કરાવી.

૩. **ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું.** (૪/૫૫) રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ ફૂલ મૂકીને સ્વામી બોલ્યા, 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી. અર્થાત્ કેટલાક મહારાજને રામચંદ્રજી જેવા સમજે છે. કેટલાક બીજા ફૂલ જેવા એટલે કે શ્રીકૃષ્ણ જેવા સમજે છે, પણ આ ત્રીજું ફૂલ એટલે કે શ્રીજીમહારાજ જેવા છે તેવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જેવા કોઈ સમજતા નથી. આ ત્રીજા ફૂલ સુધી બધાને પહોંચાડવા માટે એટલે કે મહારાજના સ્વરૂપની દૃઢતા અનેક જીવોને કરાવવા માટે સ્વામીશ્રીએ ત્રીજું ફૂલ અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપીને આજ્ઞા કરી કે આ ત્રીજા ફૂલ સુધી સૌને તમારે પહોંચાડવા તે માટે મહારાજના સર્વોપરી સ્વરૂપનું વર્ણન કરતો અપૂર્વ ગ્રંથ રચવો જેમાં શબ્દે શબ્દે મહારાજનો મહિમા આવે. આમ ત્રીજા ફૂલ સુધી પૂગાડવા અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'શ્રી હરિલીલાકલ્પતરું' જેવા અદ્ભુત ગ્રંથની રચના કરી. **સિદ્ધાંત :-** શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સ્વામીએ પોતે વાતો કરીને પ્રવર્તાવ્યું. સાથે સાથે એવા ગ્રંથની પણ રચના કરાવી શ્રીજીમહારાજનું સર્વોપરીપણું ગ્રંથસ્થ કરાવ્યું. તેનાથી યુગો સુધી મુમુક્ષુઓને સાચું માર્ગદર્શન મળી રહેશે.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>બે</u> વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.**

૧. **ધામમાં અને પૃથ્વી ઉપર બન્ને ઠેકાણે સદા સાકાર** (૩/૧૭) ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર છે, તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે. **(વચ.ગ.અં. ૩૮)** ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિમાન વિરાજમાન છે. **(વચ.ગ.અં. ૭)** પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં શ્રીજીમહારાજ કહે છે : મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર. તે તેજને વિષે (અક્ષરધામને વિષે) એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ જણાતી નથી. અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે. પણ ચાર ભૂજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. **(વચ.ગ.મ.૧૩)** જેવા પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે. અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે. **(વચ.ગ.પ્ર. ૩૭)** આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકાર રૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્ય ભોગને ભોગવતાં થકા રહે છે. અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તના રૂપ તે અનંત સૂર્ય ચંદ્રના પ્રકાશ સરખાં પ્રકાશે યુક્ત છે.' અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે; પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. **(વચ.પં. ૭)** ભગવાન તો સદા સાકાર જ છે. **(વચ.ગ.અં. ૩૫)**

૨. **પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય** (૪/૪૬) પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વોપરી, સર્વાવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વના નિયંતા છે. અને તે ભગવાન સ્વામિનારાયણ છે. વળી તે એક અને અદ્વિતીય છે. અક્ષરપર્યંત પણ પરબ્રહ્મ થવા સમર્થ નથી. શ્રુતિમાં કહ્યું છે : 'एकमेवाद्वितीयं ब्रह्म' ભગવાન એક જ અને અદ્વિતીય છે. આ સિદ્ધાંતની સ્પષ્ટતા કરતાં શ્રીજીમહારાજ કહે છે, ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી.'' **(વચ.લો.૧૩, કા.૮,કા.૧૦)** ''જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી.'' **(વચ.ગ.અં. ૩૯)** ''ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.'' **(વચ.લો.૪)** 'न तत्समश्चाप्यधिकश्च दृश्यते।' અર્થાત્

'તે પરબ્રહ્મની સમાન કે તેથી અધિક કોઈ જણાતું નથી.' **(શ્વેતાશ્વતર ઉપનિષદ ૬/૮ તથા ભવસંભવસંહિતા ઉપનિષદ ૨/૨૪)**

૩. **ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. (૩/૧૧)** ભગવાનને નિરાકાર સમજવાથી જે સ્વરૂપને પામવું છે, જેનું ધ્યાન-ભજન કરવુ છે એજ સ્વરૂપનું ખંડન થાય છે. તેથી તો શ્રીજીમહારાજ કહે છે : 'ભગવાનને જે નિરાકાર સમજે એ તો પંચ મહાપાપ કરતા પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઇ પ્રાયશ્ચિત નથી.' **(વચ. ગ.મ. ૩૯, ગ.પ્ર.૭૧)** 'ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે.... તેને અરૂપ કહેવા... એ જ ભગવાનનો દ્રોહ છે... અને ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે તે પણ ભગવાનનો દ્રોહી છે.' **(વચ.વર. ૨)** નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ ર્ક્યો કહેવાય. **(વચ.ગ.મ. ૯)** ભક્તિમાર્ગમાં ગમે તેટલો આગળ વધેલો હોય કે લોક વ્યવહારમાં આગળ હોય અને શાસ્ત્રોમાં પણ પારંગત હોય તેને ઉદ્દેશીને શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : સર્વે ગુણે સંપન્ન હોયને જો ભગવાનને અલિંગ સમજતો હોય, પણ મૂર્તિમાન ન સમજે, એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. **(વચ.લો. ૧૬)** અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે તે પાછો કોઇ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી. **(વચ. ગ.પ્ર. ૬૪)** ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : 'ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનારા છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વર્ષ સુધી ને દ્વાપર યુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે પણ સુખ તો નહિ જ થાય.' **(સ્વા.વા. ૩/૧૬)** આમ વચનામૃતમાં શ્રીજી મહારાજે અને સ્વામીએ પણ ભગવાને નિરાકાર સમજવાથી મુમુક્ષના કલ્યાણમાં કેટલી બધી ખોટ રહી જાય છે સ્વમુખે સમજાવ્યું છે.

૪. **અક્ષરબ્રહ્મ : ધામરૂપે (૬/૧૦૫)** 'અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રી પુરુષોત્તમ નારાયણને રહેવા સારુ ધામરૂપ થયું છે ને સર્વ અક્ષરબ્રહ્મ (અક્ષરબ્રહ્મ સંજ્ઞક મુક્તો) થકી ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે... ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે... ને અપાર છે. ત્યાં દૃષ્ટાંત છેઃ જેમ આકાશ અપાર છે. તેની ચારે કોરે જોઈએ તે કોઈ દિશામાં અંત આવતો નથી. તેમ એ ભગવાનના ધામનો હેઠે, ઉપર અને ચારે કોરે અંત નથી કેમ જે એ અપાર છે. તેનો જો પાર લેવા માડે તો પાર આવે નહિ એવું મોટું બ્રહ્મપુર છે... ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદ રહ્યા છે તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. **(વચ.અમ.૬)** સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે. (રહેવાનું સ્થાન વિશેષ છે) અને તે અક્ષરની સંકોચને વિકાસ અવસ્થા થતી નથી, સદાય એકરૂપે રહે છે. અને તે (ધામરૂપ) અક્ષર મૂર્તિમાન છે. પણ અતિ મોટા છે માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી. જેમ ચોવીસ તત્વનું કાર્ય જે બ્રહ્માંડ તે પુરુષાવતાર કહેવાય છે અને તે વિરાટ પુરુષ જે તે કરચરણાદિકે કરીને યુક્ત છે પણ તેની મૂર્તિ અતિશય મોટી છે માટે નજરે આવતી નથી. અક્ષરધામ મૂર્તિમાન છે પણ કોઈને નજરે આવે નહિ. તે શા માટે જે એવાં એવાં બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત્ ઉડતાં જ ફરે છે એવડાં મોટા છે. તે અક્ષરધામને વિશે પુરુષોત્તમ ભગવાન પોતે સદા વિરાજમાન છે. **(ગ.પ્ર. ૬૩)** મૂળ માયાના અધિપતિ મૂળપરુષ (મુક્ત) સુધી કોઈ પણ તેના પારને પામી શકતા નથી તે સૌને એ બ્રહ્મ અનંત અપાર ભાસે છે. તેથી તેને શાસ્ત્રકારો એ કેટલેક ઠેકાણે અરૂપ, અલિંગ અને નિરાકાર કહ્યા છે. વસ્તુતાએ તો ધામરૂપ અક્ષરબ્રહ્મ ભગવાનનું નિવાસસ્થાન હોવાથી તથા અસંખ્ય કોટિ મુક્તોનું ધારક હોવાથી તે મૂર્ત-સાકાર છે અને કોટિ કોટિ સૂર્ય-ચન્દ્ર સરખું તેજોમય છે. **(સેતુ તરંગ ૬૩-૪૫થી ૪૯)**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

૧. **ભગવાન સાકાર હોવા છતાં નિરાકાર સમજાય છે. (૩/૧૨)** ભગવાન સાકાર છે અને નિરાકાર સમજવાથી પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ થાય છે. ભગવાનનો દ્રોહ થાય છે અને ગુણમાત્ર દોષરૂપ થઈ જાય છે. તો પછી પ્રશ્ન ઉદ્દ્ભવે છે કે ભગવાન સાકાર છે છતાં નિરાકારની સમજણ કેમ પ્રવર્તે છે ? ભગવાન નિરાકાર છે તે પ્રતિપાદન પણ શાસ્ત્રમાંથી જ થાય છે. તેના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે શ્રીમદ્ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે. **(વચ.ગ.મ. ૧૦)** નિરંતર ભગવાનના ગુણ ગાતા શુકજી તો ભગવાનને નિરાકાર ન નિરૂપે, પણ ભગવાનના મનુષ્યચરિત્રોનું જ્યારે વર્ણન કરે ત્યારે તે દિવ્ય છે, માયિક નથી, તેમ દર્શાવવા ભગવાનના સ્વરૂપમાં માયિક રૂપ-ગુણનો નિષેધ કરે છે. અજ્ઞાનીઓ અને ભક્તિરહિત મનુષ્યો આ પ્રકારના નિરૂપણથી ભગવાનને નિરાકાર સમજી બેસે છે. પછી તંત કે મમત્ત્વથી પકડી રાખે છે અને શાસ્ત્રમાંથી પણ એવા જ કાલ્પનિક મતની પુષ્ટિના શબ્દો શોધીને પોતાના મમત્ત્વને દૃઢ કરીને મુમુક્ષુઓને ગેરમાર્ગે દોરે છે. જેને ભગવાનના સ્વરૂપને વિષે સાકારપણાની પ્રતીતિ નથી, એવા લોકોએ શાસ્ત્રના રહસ્યને યથાર્થપણે નહિ સમજીને કે શાસ્ત્રના અવળા અર્થ કરીને નિરાકારની સમજણ પ્રર્વતાવી છે. કારણ કે શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી. તે કયા શબ્દ તો જે ભગવાન અરૂપ છે, જ્યોતિઃ સ્વરૂપ છે, નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે એવા વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ કહ્યા છે. **(વચ. ગ. પ્ર. ૬૬)** આમ જ્યારે નિર્ગુણપણે કહ્યા હોય ત્યારે સાંભળનારાની ને વાંચનારાની મતિ ભ્રમી જાય છે અને જાણે છે જે ભગવાનને તો આકાર નથી તેમ સમજનારાની અવળી સમજણ છે. **(વચ.ગ. પ્ર. ૬૬)** આમ ભગવાન સાકાર છે છતાં શાસ્ત્રના અર્થઘટન યથાર્થ રીતે ન કરનારાની સમજણને કારણે નિરાકારની સમજણ પ્રવર્તે છે.

૨. **અવતારોએ પોતાને પુરુષોત્તમ કહ્યા છે, પરંતુ પુરુષોત્તમ તો શ્રીજીમહારાજ જ છે. (૪/૫૮-૬૦)** પુરુષોત્તમ તો સહજાનંદ સ્વામી જ છે. આ અવતારો ભગવાનની ઈચ્છાથી આ પૃથ્વી પર લોકોનાં કલ્યાણ કરવા પધાર્યા ત્યારે લોકો અધર્મને મૂકી તેમનો આશરો કરે, તેમનામાં જોડાય તે જરૂરી છે. તેથી શ્રીજીમહારાજે તેમનામાં અનુપ્રવેશ કરી આ શબ્દો બોલાવ્યા છે. પણ કલ્યાણના કર્તા તો શ્રીજીમહારાજ પુરુષોત્તમ જ છે એ પ્રવેશ જ્યારે નીકળી જાય છે ત્યારે વિરાટ પણ પોતાની પ્રવૃત્તિ કરી શકતા નથી તો બીજા તો ક્યાંથી જ કરી શકે ? આથી આવા શબ્દો ભગવાન સ્વામિનારાયણના છે. ભગવાન જ્યારે જેમનામાં પ્રવેશ કરે છે. ત્યારે તેમના સામર્થ્યને દબાવીને પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે. પણ તેથી કંઈ તે અવતારો પૂર્ણ પુરુષોત્તમ થઈ જતા નથી. પુરુષોત્તમનો પ્રવેશ જ્યારે નીકળી જાય છે ત્યારે તે પોતાની અસલ સ્થિતિમાં આવી જાય છે. અને એ જ પુરુષોત્તમ નારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપ થાય છે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે ને પુરુષોત્તમ જ રહે છે. તેમજ માયારૂપે થાય છે ત્યારે માયા પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે અને પછી એ ભગવાન મહતત્વરૂપે થાય છે ને તેમજ મહતત્વમાંથી થયા જે બીજાં તત્વ તે રૂપે થાય છે. એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે અને જે કાર્યને અર્થે જેમાં પોતે પ્રવેશ કર્યો હતો, તે કાર્ય તે કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે. અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું. **(વચ. પં. ૭)** સત્સંગમાં અવલબાનું દૃષ્ટાંત પ્રચલિત છે. તેમનામાં જ્યારે મહારાજનો પ્રવેશ થયો ત્યારે પોતે શ્રીજીમહારાજ જ છે એવા પરભાવના શબ્દો ઉચ્ચારતાં પણ જ્યારે શ્રીજીમહારાજનો પ્રવેશ નીકળી ગયો ત્યારે બોલ્યા : 'મારી આગળ તમે સૌ કેમ વીંટળાઈને બેઠા છો?' શ્રીકૃષ્ણમાં અતિ સ્નેહથી જ્યારે ગોપીઓ જોડાઈ જતી ત્યારે કહેતી કે ગોવર્ધન મેં તોળ્યો છે. અઘાસુર મેં માર્યો છે. વગેરે પણ તેથી કાંઈ ગોપી કૃષ્ણ બની ગઈ ન હતી. તેવી જ રીતે વામદેવ અને પ્રહલાદનાં દૃષ્ટાંતો પણ શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે. આ વાત સ્થૂળ રીતે સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'મદભયાદ્વાતિ...' એ શ્લોક બોલીને કહ્યું જે બળ તો બહુ દેખાડ્યું. પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે. એમ જાણતાં એ શ્લોક કોઈના બળનો જણાય છે, પણ પોતાના બળનો નથી.'' (સ્વા. વા. ૩/૭૨) માટે આ શબ્દો તો ભગવાન પુરુષોત્તમના છે એમ સમજવું.

૩. **મુક્તાનંદ સ્વામીએ લખ્યું, 'પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું...' (૫/૭૦-૭૧)** મુક્તાનંદ સ્વામીએ એક વખત શ્રીજીમહારાજને શાંતિ પામવાનો ઉપાય પૂછ્યો. મહારાજે તેમના પોતાના જન્મથી માંડીને બધાં ચરિત્રોની વાત કરી. પણ મુક્તાનંદ સ્વામીને સમજાયું કે મહારાજ બીજી વાતે ચડી ગયા છે. બીજે દિવસે ફરી પૂછ્યું ત્યારે મહારાજે ફરીથી પણ તે જ વાત કરી છતાં મુક્તાનંદ સ્વામીને કાંઈ સમજાયું નહિ. ત્યારે મહારાજે કહ્યું, 'સ્વામી! ગામડે ફરવા જાઓ; શાંતિ થશે. મુક્તાનંદ સ્વામી ગઢડાથી મહારાજની આજ્ઞા પ્રમાણે નીકળી ગયા. નિત્યાનંદ સ્વામીને થયું કે મુક્તાનંદ સ્વામીને સમજાયું લાગતું નથી. તેથી તેમની પાછળ ગયા અને સમજાવ્યું કે શ્રીજીમહારાજ પ્રગટ ભગવાન છે અને પ્રગટનાં ચરિત્રોમાં શાંતિ છે તેવી ક્યાંય નથી. મહારાજને તમને આ સમજાવવું હતું તેથી પોતાનાં ચરિત્રોની વાત કરી હતી. મુક્તાનંદ સ્વામીને પાયાની ભૂલ સમજાઈ. વ્યાસજીએ ઘણાં શાસ્ત્રોની રચના કરી છતાં અંતરમાં અશાંતિ ટળી નહિ પણ નારદજીના કહેવાથી પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોનું ગાન કરતું શ્રીમદ્ભાગવત શાસ્ત્ર રચ્યું ત્યારે શાંતિ થઈ. આથી જ શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજ્યો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.' (વચ. ગ.મ. ૫૮) મુક્તાનંદ સ્વામીએ એ આજ્ઞા મસ્તકે ચડાવી પોતાના દેહ પર્યંત સંપ્રદાયના સાહિત્યની સેવા કરી અને સ્પષ્ટ લખ્યું : 'પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ, ઉર થકી નાશ પામે અંધારું... ભજન કર ભાવશું.'

૪. **શ્રીજીમહારાજે કહ્યું, 'અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.'' (૬/૧૧૮)** ગઢડામાં ઘેલામાં સ્નાન કરતાં સ્વામીનો એક પગ ભેખડમાં ભરાઈ ગયો. કેમેય પગ નીકળે નહિ. મહારાજે દર્શન દઈ ધીરેથી પગ કાઢવા કહ્યું. તે વખતે અક્ષર ઓરડીમાં પણ મહારાજ બોલી રહ્યા હતા : ''અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.'' મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર બેઠા છો, તો પગ કેમ ભાંગશે ?'' મહારાજ હસતાં બોલ્યા : ''અમારું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી, તેનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયો હતો તે માંડ કાઢ્યો. આમ મહારાજ અને સ્વામીને એકાત્મપણું હતું. પરબ્રહ્મ જ બ્રહ્મની ઓળખ આપી શકે.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?) (૧૪૨-૧૪૩)**

**☞ નોંધ : વાક્ય પૂર્તિની બાજુમાં કૌંસમાં આપેલા અંક વાક્ય પૂર્તિના નંબર છે. જે પરીક્ષાર્થીએ લખવા જરૂરી નથી.**

૧. શ્રીજીમહારાજ સદાય પોતાના અક્ષરધામની મધ્યમાં સિંહાસન ઉપર અનંત કોટિ મુક્તોએ સેવ્યા થકા વિરાજમાન છે. પોતે ધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડોમાં પ્રકાશી (રૂપ ધરી) શકે છે. તેઓ જે કાંઈ ગ્રહણ કરે તેને અમાયિક અને નિર્ગુણ કરી મૂકે છે. (૪/૧૪૨)

૨. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ, સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વ કર્તા, સદા સાકાર, સર્વજ્ઞ પ્રગટ અને દિવ્ય છે. (૨/૧૪૨)

૩. પુરુષોત્તમનું અન્વય - વ્યતિરેકપણું અને અક્ષરબ્રહ્મનું અન્વય-વ્યતિરેકપણું ભિન્ન ભિન્ન છે. (૧૦/૧૪૩)

૪. અક્ષરબ્રહ્મ પણ ધામમાં મૂર્તિમાન રૂપે સેવામાં રહ્યા થકા જ પરબ્રહ્મની સાથે સેવક રૂપે અનંત કોટિ બ્રહ્માંડમાં રૂપ ધરી શકે છે. તેઓ પણ જે જે ગ્રહણ કરે છે તેને અમાયિક અને નિર્ગુણ કરી મૂકે છે. (૯/૧૪૩)

**(ઉપાસનામાં શું ન સમજવું ?) (૧૪૪-૧૪૫)**

૫. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત વગર કેવળ મૂર્તિ કે શાસ્ત્રને આશરે બ્રહ્મરૂપ-એકાંતિક થઈ શકાય છે, તેમ ન સમજવું. (૧૩/૧૪૫)

૬. એકલા અક્ષરબ્રહ્મ જ છે. પુરુષોત્તમ પણ તેમાં જ રહ્યા છે, અને તે દ્વારે જ રહી શકે છે. અર્થાત્ સ્વરૂપ-સ્વરૂપી ભેળા છે, તેમ ન સમજવું. (૪/૧૪૪)

૭. ભગવાન પૃથ્વી પર પ્રગટે છે ત્યારે તેઓ ધામમાં હોતા નથી (ધામ ખાલી હોય છે), તેમ ન સમજવું. (૨/૧૪૪)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો : શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : 'સ્વામીની વાતું'ના આધારે (૪/૩૫) (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજ પોતાના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા જીવોને દૃઢ કરાવવા માટે જ પોતાનું અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ પાર્ષદો સાથે લાવ્યા હતા. (વચ.ગ.પ્ર. ૭૧) શ્રીજીમહારાજના શબ્દો પ્રમાણે, જેવા પોતે અક્ષરમાં છે તેવા પ્રકૃતિ-પુરૂષાદિકમાં નથી. એટલે અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી જેવો અને જેટલો મહારાજનો મહિમા કહી શકે, તેવો ને તેટલો મહિમા બીજા કોઈ કહી શકે નહિં. સ્વામીની વાતુમાં પણ કેસરી સિંહના નાદ સમા શબ્દોના પડછંદા (બળભર્યા શબ્દો) સંભળાય છે. તેમની વાતોના શબ્દે શબ્દ શ્રીજીમહારાજનાં સર્વોત્કૃષ્ટ ભાવનું સ્પષ્ટ નિરૂપણ કરે છે. સ્વામીને કોઈ પૂછે કે શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વાતો તો શાસ્ત્રોમાં નથી, તો તેઓ કહેતા કે શાસ્ત્રમાં વાત ક્યાંથી હોય ? જન્મ થયા મોર શાદી(લગ્ન) કયાંથી લખાય ? તેમ પુરૂષોત્તમ આ બ્રહ્માંડમાં આવ્યા નહોતા એટલે તેમની વાત શાસ્ત્રમાં ક્યાંથી લખાણી હોય ? આથી જ ગોપાળાનંદ સ્વામી કહેતા કે પેટ ભરીને પૂરેપૂરી (ભગવાનના મહિમાની) વાતો તો જૂનાગઢમાં જ થાય છે. **સ્વામીની વાતુ :** (૧) આજ તો પુરૂષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે તે ભેળા અનંત ધામના ભગવાન તેમના મુક્તે સહિત આવ્યા છે. તે શા સારું તો પોતપોતાની ખોટ કાઢવા ને પુરૂષોત્તમનું સ્વરૂપ સમજવા આંહીં આવ્યા છે. (સ્વા.વા. ૩/૪૧) (૨) બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે મહારાજને પુરૂષોત્તમ જાણવાને આ સાધુને અક્ષર જાણવા. (સ્વા.વા. ૩/૩૮) (૩) મહારાજને પુરૂષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો જે પુરૂષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ? ત્યારે કહ્યું જે મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. (સ્વા.વા. ૩૧૨) (૪) અવતાર માત્ર તો ચમકપાણ જેવા છે. તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દસ મણ જેવા છે... ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાના લોઢાને તાણે ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે, નહિ તો બધુ બ્રહ્માંડ તણાય કેમ? એમ વાત કરીને બોલ્યા જે, પૂર્વના અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાય છે. આજ તો સર્વ અવતારના અવતારીને સર્વ કારણના કારણ એવા જે પુરૂષોત્તમ તે જ પધાર્યા છે. ને તેને જોઈને તો અનંત ધામના પતિ તે ધામના મુક્ત તે મહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા, જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ. (સ્વા.વા. ૩/૪) (૫) વાદી, ફૂલવાદી ને ગારડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલ્યા કરે. એ તો દૃષ્ટાંત છે. એનું સિધ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે. તે તો મુમુક્ષ હોય તેનું કલ્યાણ કરે. ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. (સ્વા.વા. ૩/૫) (૬) પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામુ જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? (સ્વા.વા. ૩/૭૨) (૭) એમ તો પહેલાં ગણેશને પ્રભુ કહે છે, બ્રહ્મા, વિષ્ણુને શિવને કહે છે. અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહે છે. ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, બ્રહ્માની પણ કોટિયું ને કોટિયું છે. એ સૌના કારણ તો મહારાજ પોતે એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કહેવાય ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત એ સર્વેના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઈ રહ્યું. (સ્વા.વા. ૬/૨૫૭) (૮) પુરુષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભકતમાં કેમ ભેદ છે? તો જેમ હાથણી વિયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિવાય ત્યારે તેને લીખ આવે એમ ભેદ છે. (સ્વા.વા. ૨/૧૦૮) (૯) શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે, ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈએ ત્યાગી નથી. ને આજ તો હજારો બાઈયું ત્યાગ કરે છે, ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા છે. તે શાસ્ત્રમાં લખ્યું છે. ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે, ને બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે ને પુરુષોત્તમ તો ચિંતામણિ છે. (ગુ.સ્વા.વા. ૨/૧૭૧) (૧૦) આ ઉપરાંત અનેક પ્રસંગે સ્વામીએ વાતો કરતાં અવતાર અવતારીનો ભેદ સમજાવતાં કહ્યું છે : તીર અને તીરનો નાખનારો જેમ જુદા છે, તીરનો નાખનાર તીરનું કારણ છે તેમ સમજવું, પણ ભવાયો જેમ જુદા જુદા વેશ કાઢે છે. તેમ અવતાર-અવતારીનો ભેદ નથી, વળી, જેમ ચક્રવર્તી રાજા અને ખંડિયા રાજા વચ્ચે ભેદ છે, તેમ અવતારના અવતારીનો ભેદ સમજવો. પણ અવતાર બધા સરખાને સાધુ બધા સરખા એ સમજણ તો શાસ્ત્ર વિરુદ્ધ છે. (૧૧) એક થી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે ને એક કેસરી સિંહ બોલે તે બધાયના અંતર ભેદાઈ જાય ને હાથીના કુંભસ્થળ ફાટી જાય, તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ પણ અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી ભજીને એવા થયા છે, એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીનાં કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે. (સ્વા.વા. ૫/૧૯૮)

(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, સાતમી આવૃતિ માર્ચ - ૨૦૦૯,
યુગવિભૂતિ પ્રમુખસ્વામીમહારાજ પાંચમી આવૃતિ એપ્રિલ - ૨૦૧૦)

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''કોઠારમાંથી જેવું મળે એવું રાંધી દઉં છું.''(૨/૨૩) **અથવા**

➪ લહિયા સેવક - (મુક્તાનંદ સ્વામીના સેવક) - નિત્યાનંદ સ્વામીને

➪ નિત્યાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના પાત્રમાં વધેલી થોડી ખીચડી મોંઢામાં મૂકી તો કાંકરાની કડકડાટી બોલી. તેથી નિત્યાનંદ સ્વામીએ સેવકને ઠપકો આપ્યો ત્યારે.

૨. ''એની રજાચિઠ્ઠી વગર અમારાથી તમને ન રખાય.'' (૨/૧૬) ➪ રામાનંદ સ્વામી - મુકુંદદાસને

➪ સરધારમાં મુકુંદદાસે રામાનંદ સ્વામીને બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરાવી શરણે લેવાની વિનંતી કરી ત્યારે રામાનંદ સ્વામી કહે છે.

૩. ''તમો ઇચ્છા કરો તો વરસાદ થાય ને ગોમતી ભરાય.'' (૪/૪૩) **અથવા**

➪ આચાર્ય મહારાજ (રઘુવીરજી મહારાજ) - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➪ આચાર્ય મહારાજે વરતાલમાં સાડા ચાર મહિનાની સત્સંગિજીવનની કથાનું આયોજન કરેલું. તેમાં સમૂહ ઘણો ભેગો થવાનો હતો ને ગોમતીમાં પાણી હતું નહિ તેથી.

૪. ''અમે તો માત્ર એમાં શેર અન્ન પૂરતાં જ ભાગીદાર રહીશું.'' (૫/૫૪) ➪ કુશળકુંવરબા - મહારાજને
ધરમપુરમાં વિજયદેવે ભારેભારે વસ્ત્રાલંકારો ધરાવી મહારાજનું પૂજન કરી આરતી ઉતારી ત્યારે કુશળકુંવરબા મહારાજને વિનંતી કરતાં કહે છે.

૫. ''ચાલવામાં ને વરસાદમાં આપણે થોડા ઘસાઈ જઈએ છીએ !'' (૩૧) ➪ સ્વામીશ્રી - સંતોને **અથવા**

➪ દક્ષિણ ગુજરાતના પછાત ગામોમાં કાદવ ખૂંદીને ઘરોઘર ઘૂમતા સ્વામીશ્રીને સંતોએ ના પાડી ત્યારે.

૬. ''બોચાસણ નથી જવું ?'' (૪૨) ➪ ડ્રાઈવર - સ્વામીશ્રીને

➪ બોચાસણ કેટલકૅમ્પ જતાં સ્વામીશ્રીએ અચાનક ગાડી જમણી તરફ વાળી લેવાનું કહ્યું ત્યારે ડ્રાઈવર પૂછે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **કાઠીઓ બોલ્યા, 'વાહ પર્વત વાહ!' (૬/૫૮) અથવા** પર્વતભાઈને ગામ અગતરાઈમાં શ્રીજીમહારાજ સંતો અને હરિભક્તો સાથે પધાર્યા. પર્વતભાઈનો ખૂબ જ ભાવ જોઈ મહારાજે ખૂબ આગ્રહ કરીને કાઠીઓને જમાડવાનો વિચાર કર્યો. કાઠીઓને તો ગોળ, ચોખા અને છૂટી ધારે ઘી પીરસાય એટલે વાહ, વાહ થઈ જાય. રસોઈ તૈયાર થઈ એટલે પ્રથમ મહારાજને જમાડ્યા. પછી ફળિયામાં કાઠીઓની પંક્તિ થઈ તેમાં ચોખા અને ગોળ પીરસાયા કે તરત મહારાજ ઘીની તાંબડી લઈને નીકળ્યા. પર્વતભાઈએ પોતાના ગળે હાથ મૂકીને મહારાજને ઘીની ધાર પાછી ન ખેંચવા માટે પોતાના સમ ખવરાવ્યા. કાઠીઓએ પણ મનમાં નક્કી કરેલું કે મહારાજ ઘી પીરસે તેટલું પીરસવા દેવું પણ પાછા પડવું નહિ. મહારાજ પણ તેમનો આ ઠરાવ અંતરથી જાણીને ઘી પીરસ્યા જ કરે. તાંસળી છલકાય ત્યાં સુધી રેડે. કાઠીઓ જ્યારે હાં હાં કરીને ગર્જના કરે ત્યારે જ મહારાજ આગળ જાય. મહારાજ પણ પર્વતભાઈની ઈચ્છા મુજબ ધાર પાછી ખેંચે નહિ. તેથી ઘી નીચે ઢોળાય. પર્વતભાઈ મહારાજની આ અલૌકિક લીલા નિહાળતા જાય અને ફેરફૂદરડી ફરતા જાય. પર્વતભાઈનો આવો ભાવ જોઈને કાઠીઓના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા. વાહ ! પર્વત વાહ ! બીજા પર્વત તો ચલાયમાન થાય પણ આ પર્વત ચલાયમાન થાય નહિ.

૨. **રઘુવીરજી મહારાજ સભામાં બોલ્યા, 'વાતો તો ગુણાતીતાનંદ સ્વામી જ કરશે.' (૪/૪૪)** વરતાલ સત્સંગિજીવનની પારાયણમાં ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની, વિષયખંડનની અને અક્ષરરૂપ થવાની અદ્‌ભુત વાતો કરતા. તેમની આકરી વાતોથી કેટલાય ઝાંખા પડી ગયા અને સ્વામીને બદલે શુકમુનિ કથા કરે તેવી ગોઠવણ કરી. તેથી રઘુવીરજી મહારાજને દર્શન દઈને મહારાજે કહ્યું, 'સ્વામીને અહીં રાખ્યા છે તો વાતો કરાવો, નહિ તો જૂનાગઢ જવા દો.' તેથી રઘુવીરજી મહારાજે સભામાં કહ્યું, 'આ કથા ચાલશે ત્યાં સુધી ગુણાતીતાનંદ સ્વામી જ વાતો કરશે અને જેને ન સદે તે ગામડે ફરવા જાય.'

૩. **વિલ્કિન્સનના આશ્ચર્યનો પાર ન રહ્યો. (૨૯-૩૦) અથવા** ઈંગ્લૅન્ડના આસ્ટન શહેરમાં સ્વામીશ્રીના સ્વાગતમાં નગરયાત્રાનું આયોજન થયું હતું. તે શહેરના મેયર અને અશ્વવિદ્યાના જાણકાર વિલ્કિન્સને જોયું તો સ્વામીશ્રીની બગીને જોડેલો ઘોડો રેસનો હતો. બૅન્ડવાજાં વાગશે ત્યારે તે વિફરશે. તેમણે વ્યવસ્થાના અગ્રેસર શ્રી. સી. ટી. પટેલનું ધ્યાન દોર્યું. ત્યારે શ્રી. સી. ટી. પટેલે કહ્યું 'એના નિયંતા સ્વામીશ્રી છે. તેઓ બગીમાં બેસશે પછી કાંઈ નહિ થાય!' આ સાંભળીને મેયર ખૂબ ગુસ્સે થયાં. પણ કાંઈ બીજો નિર્ણય લે તે પહેલાં તો સ્વામીશ્રી પધારી ગયા અને બગીમાં બિરાજી ગયા વિલ્કિન્સનના આશ્ચર્ય વચ્ચે મદોન્મત ઘોડો એકદમ શાંત થઈ ગયો. સમગ્ર નગરયાત્રા દરમિયાન તે ઘોડો નીચી દૃષ્ટિ કરીને જ ચાલ્યો.

૪. **દોઢ-બે મહિનાથી ચાલતું આંદોલન અચાનક જ શરત વિના સમેટાઈ ગયું. (૫૫-૫૬)** ૧૯૮૧ના માર્ચ-એપ્રિલ માસની ઘટના છે. એક તરફ ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવના પડઘમ ગુંજી રહ્યા હતા. તો બીજી તરફ અનામત આંદોલનના પ્રશ્ને

ગુજરાત ભડકે બળતું હતું. ચાલુ ઉત્સવે પણ શહેરમાં તોફાનનાં છમકલા સૌને થડકાવી દેતાં હતાં. સુભાષબ્રિજને છેડે 'સ્વામિનારાયણ નગર'માં ભક્તિનો દિવ્ય માહોલ સર્જાયો હતો. મહોત્સવના મુખ્ય દિવસે મહોત્સવના મુખ્ય દિવસે તા.૧૨-૪-૮૧ના રોજ સ્વામિનારાયણ નગરમાં સ્વામીશ્રીને કેટલાક પત્રકારો ઘેરી વળ્યા હતા. અનામત આંદોલનના કારણે શહેરમાં ઠેર ઠેર ધમાલ ચાલતી હતી. તે અંગે એક પત્રકારે સ્વામીશ્રીને પ્રશ્ન કર્યો ધમાલ, કરફ્યુ વગેરેના ઉકેલ માટે આપે કાંઈ કાર્ય કર્યું છે ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'અમે પ્રાર્થના કરી છે, જેથી શાંતિ થાય....'. તેનાથી સંતોષ ન થતાં પત્રકારે કહ્યું 'શેરીઓમાં, ગલીઓમાં જઈ આપની સંસ્થાએ શું કર્યું છે જેથી પ્રશ્ન હલ થાય ? પ્રાર્થના દ્વારા આ પ્રશ્ન ઊકેલાશે ? ત્યારે સ્વામીશ્રીએ કહ્યું 'અમને વિશ્વાસ છે કે અમારી પ્રાર્થના કામ કરે જ છે !' એ જ રાત્રે સભામાં સ્વામીશ્રીએ જાહેરમાં ભગવાનના ચરણોમાં પ્રાર્થના ઉચ્ચારી અને કહ્યું 'સમગ્ર ગુજરાતમાં શાંતિ થાય અને રાજનેતાને વિદ્યાર્થીઓ પણ સમાધાન કરે તેવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ. ગુજરાતની જનતાને પણ શાંતિ માટે અપીલ કરી અને સૌના આશ્ચર્ય વચ્ચે કોઈપણ પૂર્વ શરત વિના આંદોલનકારોએ આંદોલન સમેટી લીધું. આંદોલનનો સુખદ અંત આવ્યો. આ બન્ને સમાચાર પર નજર નાખતાં એ પત્રકારને સમજાયું કે સ્વામીશ્રી જેવા મહાપુરુષની પ્રાર્થના અને શબ્દોનું શું વજન હોય છે !

**પ્ર.૧૧નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **મુક્તાનંદ સ્વામીની કવિત્વશક્તિ (૨/૧૩,૧૯,૨૧) અથવા (૧)** વડોદરાના રાજદરબારમાં શાસ્ત્રચર્ચા માટે આવતી વખતે સરિયામ રસ્તા ઉપર 'વા'લા રુમઝુમ કરતા કાન, મારે ઘેર આવો રે....' કીર્તન સેંકડો સાધુ-સંન્યાસીઓ અને વિદ્વાનોનો અંતરાત્મા રંગાઈ ગયો. (૨) સમાધિ પ્રકરણથી અકળાયેલા મુક્તાનંદ સ્વામી ને તેમના શિષ્યોને પણ મહારાજે સમાધિ કરાવી તો પણ વાત મનાઈ નહિ. ત્યારે રામાનંદ સ્વામીએ તેમને દર્શન દઈ મહારાજનો અપરંપાર મહિમા સમજાવીને કહ્યું, 'આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે.' ત્યારે મુક્તાનંદ સ્વામીની અશાંતિ દૂર થઈ. તેમણે મહારાજને રામાનંદ સ્વામીની ગાદી ઉપર બેસારીને પૂજા કરી, 'જય સદ્‌ગુરુ સ્વામી....' આરતી બનાવીને પછી કિર્તન પણ જોડ્યું, 'ભ્રમણા ભાંગી રે હૈયાની, નથી એ વાત કેને કહ્યાંની, વીતી હોય તે રે જાણે, અણસમજ્યા મન ઈર્ષા આણે....' (૩) ચૈતન્યાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીના પ્રસાદીના વસ્ત્રનું દર્શન ન કરતા આંખો મીંચી ગયા. તેનું કારણ મુક્તાનંદ સ્વામીએ પૂછતાં તેમણે કહ્યું, ''મારે તો પતિવ્રતાની ભક્તિ છે.'' આ પ્રસંગે બાજુમાં તાપવા રાખેલ સગડીમાં વસ્ત્ર નાખી દેતાં તેમણે ગાયું, ''છાંડીકે શ્રી કૃષ્ણદેવ ઔર કી જો કરું સેવ, કાટી ડારો કર મેરો તીખી તલવાર સે....'' તે ઉપરાંત મહારાજની મૂર્તિનું વર્ણન કરતાં પદો, લગ્નના ગીતો, હોરીના પદો, સર્વદેશીય ઉપદેશ અને સંતનાં લક્ષણો અને મહિમાના પદોની રચના તેમણે કરી છે. (૪) મહારાજના સ્વરૂપનો વિશેષ મહિમા-દિવ્યભાવ તેમને સમજાયો અને સર્વોપરી સ્વરૂપ યથાર્થ સમજાયું ત્યારે તેમણે કીર્તન રચ્યું 'સુખદાયક રે સ્વામી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ.'

૨. **લાલજી સુથાર નિષ્કુળાનંદ બન્યા (૩/૩૧)** મહારાજને કચ્છમાં વિચરણ માટે જવું હતું તેથી તેમને લાલજી ભક્તને ભોમિયા વિષે પૂછયું 'લાલજી ભક્ત પોતે જ ભોમિયા તરીકે સાથે જવા તૈયાર થયા. કચ્છની વાટ અને મુશ્કેલીનો ખ્યાલ હોવાથી તેમણે થોડુંક ભાતું, બતકમાં પાણી અને થોડા ચલણી સિક્કા લીધા. આ સિક્કા જોડામાં સંતાડી દીધા. મહારાજને કંઈ વાત આ વિષે કરી નહતી. કચ્છમાં જતાં માર્ગમાં ભિક્ષુક મળ્યો તેને ભાતું અપાવી દીધું. ચોર ભેટી ગયા તો તેમને લાલજી ભક્તે જોડામાં સંતાડેલ નાણાં અપાવી દીધાં. લાલજી ભક્તને તો મહારાજને શુ જમાડીશ તેની જ ચિંતા હતી. આગળ જતાં તરસથી પીડાતા એક સંતપુરુષ મળ્યાં તેમને પાણી અપાવી દીધું. આમ જગતના સર્વ આધારથી રહિત કરી એક પોતાનો જ આધાર રખાવ્યો. વિકટ રણમાં લાલજી ભક્તને તરસ લાગી ત્યારે મહારાજે મીઠા પાણીની સરવાણી આવતી હતી તેવો વીરડો ગળાવ્યો. પાણી પી લીધા બાદ જયારે છેલ્લે પાણી ચાખ્યું તો પાણી ખારું હતું. લાલજી ભક્તને પ્રતીતિ થઈ કે મહારાજે પોતાના માટે ખારાપાટમાં મીઠું પાણી ઉત્પન્ન કર્યું હતું. આધોઈ ગામને પાદર પહોંચ્યા ત્યાં લાલજી ભક્તની આકરી કસોટી થઈ. મહારાજે કહ્યું મને ભૂખ લાગી છે. ગામમાંથી ભિક્ષા માંગી લાવો. લાલજી ભક્ત કહે આ મારા સસરાનું ગામ છે. અહીં તો બધાં મને ઓળખે. મહારાજે મર્મમાં કહ્યું તમને કોઈ ન ઓળખે એવા કરી દઈએ તો? લાલજી ભક્તથી હા તો પડાઈ ગઈ પણ મનમાં થયું કે મહારાજ શું કરશે ? તેમની મુમુક્ષુતાની કસોટીથી પ્રસન્ન થઈ મહારાજે તેમને ત્યાગીની દીક્ષા આપી અને સસરાને ત્યાં જ ઝોળી લઈ ભિક્ષા માગવા મોકલ્યા. આમ મુમુક્ષુ લાલજી ભક્ત મહારાજની કસોટીને સરાણ ચડયા અને તેમાંથી પાર પણ ઉતર્યાં. આમ, લાલજી સુથાર નિષ્કુળાનંદ બન્યા.

૩. **ભગવાનના સાક્ષાત્કારવાળા સંત પ્રમુખસ્વામી મહારાજ (૨૩) અથવા** સંવત્ ૧૯૮૮માં લોસ એન્જલસના ધનાઢ્ય શ્રી કાર્લોસવેગા પોતાના એક હિંદુ મિત્ર સાથે સ્વામીશ્રીના દર્શને આવ્યો. અંતરમાં ધનાઢ્ય તરીકેનો ગર્વ હતો. સીધું સાદું અહં શૂન્ય વ્યક્તિત્વ ધરાવતા સ્વામીશ્રીને મળતા અંતરમાં દિવ્યતા અને શીતળતાનો અનુભવ થયો. સ્વામીશ્રીના ચરણોમાં નમન કરતા કહ્યું, ''મારી પાસે બંગલો, મોટર, પૈસા, કીર્તિ બધું જ છે. આઈ હેવ એવરીથીંગ પણ શાંતિ... 'આઈ હેવ ગોડ!' સહજ અલમસ્તાઈથી સ્વામીશ્રી બોલી ઉઠ્યા પછી કહે 'નો મની. આઈ હેવ ગોડ. પાસે ભગવાન રાખ્યા છે. તેમાં બધું જ આવી ગયું.' પરમતત્ત્વના સાક્ષાત્કારની એ ચરમસીમા સમી અલમસ્તાઈને એક અલભ્ય અજાયબી તરીકે એ ધનાઢ્ય માણતો રહ્યો. ભગવાનના અપરોક્ષાનુભવી સંતનાં ચરણોમાં મસ્તક ઝુકાવતાં તેને લાગ્યું કે પોતે હિમાલય આગળ તરણા સમો લાગી રહ્યો છે.

૪. **વ્યસનમુક્તિના આગ્રહી પ્રમુખસ્વામી મહારાજ (૪૫, ૪૭) (૧)** ભરૂચ જિલ્લાનાં પછાત ગામ ભીમપુરામાં રાત્રે ૧૧-૩૦ વાગે લઘુ કરવા જતાં સ્વામીશ્રીની નજર બીડી પીતાં માણસ પર પડતાં સ્વામીશ્રી તેની પાસે જઈ પ્રેમથી તેનું નામ પૂછતાં મંગળ બીડી

ફેકીને ઊભો થઈ ગયો. સ્વામીશ્રીએ તેને બધું પૂછ્યું અને બીડી છોડવા સમજાવતાં તે બીડી છોડવા તૈયાર થયો. બીજે દિવસે તે અને તેનો દિકરો સ્વામીશ્રી પાસે આવતાં પ્રેમથી ધબ્બો મારી વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી. વર્તમાન ધરાવ્યાં. એક સામાન્ય ચાકરને આજે જે હેત મળ્યું એવું જિંદગીમાં ક્યારેય મળ્યું ન હતું. (૨) ભોજ ગામના છેવાડે આવેલા હરિજનવાસમાં સ્વામીશ્રી સામે ચાલીને પધાર્યા હતા. તેમને ખાલી સદ્‌ભાવની વાતો કરવામાં રસ ન હતો. તેમને જીવન-ઉદ્ધારમાં રસ હતો. તેમણે સૌને કહ્યું : 'ભગવાનને ત્યાં ઊંચનીચનાં ભેદો નથી. કર્મે કરીને સૌના ભેદ છે. કર્મ જો સારાં હોય, તો આપણે બ્રાહ્મણો કરતાં પણ સારા છીએ. આપણાંમાં અનેક પ્રકારનાં વ્યસનો પેસી ગયાં છે. એટલે જુઓ, આ છાપરાં હજુ ઊંચાં નથી થયાં. અને આપણે પણ ઊંચા આવી શક્યા નથી. સંસ્કાર હશે તે ભલે સામાન્ય હશો, ઝૂંપડામાં રહેતા હશો તો પણ વંદનીય છો. સંસ્કાર કેળવશો તો આ નળિયાં સોનાનાં થતાં વાર નહિ લાગે.' સ્વામીશ્રીની સ્નેહલવર્ષાથી આ વાસમાં પેસી ગયેલાં વર્ષો જૂનાં દારૂ, બીડી અને તમાકુ જેવા વ્યસનો સ્વામીશ્રીનાં ચરણોમાં ધરી દીધાં. મહિના પછી આવેલી ધૂળેટીના દિવસે દારૂની મહેફીલ માણવા બહારગામના મહેમાનો આવ્યાં. વાસમાં પગ મૂકતાં જ તેમને આશ્ચર્ય થયું. સર્વેના હાથમાં શિક્ષાપત્રી અપાઈ હતી. ભક્તિભાવથી ઉત્સવની ઉજવણી થઈ રહી હતી. મહેમાનોને દારૂ મળ્યો નહિ. તેમને પીવાનો આગ્રહ કર્યો તો કહે 'હવે અમે પ્રમુખસ્વામીના છીએ. અમારાથી એવું મોઢે ન લગાડાય ! એક જુદી જ અસ્મિતાનો તેમાં રણકાર હતો.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પૂર્વજન્મમાં કુશળકુંવરબાએ કઈ વાવ બંધાવી હતી ? (૫/૫૨)

જ. પૂર્વજન્મમાં કુશળકુંવરબાએ અડાલજની વાવ બંધાવી હતી.

૨. શ્રીજીમહારાજ રઘુવીરજી માટે શું કહેતા ? (૪/૪૬) જ. 'ધર્મકુળમાં રઘુવીરજી જેવો કોઈ નથી.

૩. પર્વતભાઈને કયા બે દુકાળ પડ્યા ? (૬/૬૨)

જ. એક તો વરસ મોળું છે એ દુકાળ અને બીજું મહારાજે સંતોને ગામડે જવાની બંધી કરી હોવાથી સંતોની સેવા અને સમાગમનો દુકાળ પડ્યો હતો.

૪. સ્વામીશ્રીએ પોતાના ૫૧માં જન્મદિવસે સવારે ઊઠીને કઈ સેવા કરી ? (૩૫)

જ. સ્વામીશ્રીએ પોતાના ૫૧માં જન્મદિવસે સવારે ઊઠીને લોકોએ જ્યાં ત્યાં ફેંકી દીધેલી દાતણની એંઠી ચીરીઓ જાતે ઉપાડવાની સેવા કરી

૫. શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને ભાગવતી દીક્ષા કઈ સાલમાં અને ક્યાં આપી ? (૮)

જ. શાસ્ત્રીજી મહારાજે શાંતિલાલને ભાગવતી દીક્ષા ૧૯૪૦ની સાલમાં ગોંડલમાં આપી.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૨ (૪/૪૫) ૨. ૧ (૫/૫૯) ૩. ૧, ૨, ૩ (૧૩-૧૪) ૪. ૨, ૪ (૫૪)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. નીલકંઠવર્ણીની યાત્રાનો હેતુ અને તેની સફળતા :** (૧) નીલકંઠવર્ણી એટલે ભગવાન સ્વામિનારાયણના આ પૃથ્વી પર પ્રાર્દુભાવના છ હેતુઓ. (૨) પૃથ્વી પર લુપ્ત થયેલ એકાંતિક ધર્મની પુનઃ સ્થાપના, એકાંતિક ધર્મ પૃથ્વી પર ટકી રહે તે માટે પ્રગટ ગુરુ પરંપરા અથવા સંત પરંપરા, સ્વસ્વરૂપની મુમુક્ષુ જીવોને ઓળખાણ કરાવવી અને મુમુક્ષુ જીવોનું આત્યંતિક કલ્યાણ કરવું. (૩) પોતાના પ્રાર્દુભાવના હેતુઓની સિદ્ધિ માટે બાળ ઘનશ્યામનો ૧૧ વર્ષની વયે ગૃહત્યાગ - નીલકંઠવર્ણી સ્વરૂપે આ સેતુ હિમાલય એટલે કે ભારતભરમાં વિચરણ. (૪) નીલકંઠવર્ણીના યાત્રાપથમાં અનેક મુમુક્ષુઓને તેમનાં દર્શન - ઠેરઠેરથી મુમુક્ષુ જીવોને દર્શન આપીને, સ્વસ્વરૂપની ઓળખાણ કરાવીને, સત્સંગમાં જન્મ લેવડાવી તેમનું આત્યંતિક કલ્યાણ કરવા માટે વિચરણ (પ્રસંગો) (૫) નીલકંઠવર્ણીએ આ હેતુઓની સફળતા માટે અનેક કષ્ટો વેઠ્યાં, ભૂખ-તરસ, થાક, નિંદ્રા, ભય, લાલચ, ઠંડી, ગરમીની લેશમાત્ર પરવા કરી નથી. દેહનો સંપૂર્ણ અનાદર (પ્રસંગો લખવા) વાયુ ભરખીને રહેવું, જંગલી પ્રાણીઓની વચ્ચે વિચરણ નિર્ભય થકા વિચરણ (પ્રસંગો લખવા) (૬) આટલી કઠિન તપશ્ચર્યા અને સંકટો વચ્ચે કરેલી તેમની યાત્રા સફળ કેમ ન થાય ? તેમનો હેતુ જ એટલો શ્રેષ્ઠત્તમ, નિઃસ્વાર્થ કે તેમાં દરેક પરિબળ, દરેક ઉપકરણ, દેવતાઓ વગેરે તેમને સહાય કરે જ -

નીલકંઠવર્ણી પોતે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ એક સ્થળે રહ્યા થકા પણ આત્યંતિક કલ્યાણ કરવાને સમર્થ - પરંતુ જગતના જીવોને સહનશક્તિ, ધ્યેયની દઢતા, લાલચનો ત્યાગ, અડગતા વગેરેના પાઠ શીખવવા માટે વિચરણ. (૭) આમ, એકાંતિક ધર્મની સ્થાપના, ગુરુ પરંપરા તેમજ મુમુક્ષુ જીવોને સ્વસ્વરૂપની ઓળખાણ કરાવી તેમનું આત્યંતિક કલ્યાણ વગેરે હેતુઓ તેમની યાત્રાને પ્રતાપે સફળતા. - ઉપસંહાર.

**૨. પ્રમુખસ્વામી મહારાજનું યુગ કાર્ય - નૂતન (દિલ્હી) અક્ષરધામ : (૧)** દિલ્હીનું નૂતન અક્ષરધામ જાણે કે પરિવર્તનનું પ્રતીક. (૨) યોગીજી મહારાજનો સંકલ્પ યમુનાજીને કાંઠે મંદિર કરવાનો - ગુરુનો સંકલ્પ સ્વામીશ્રીએ અદ્ધર ઝીલી લીધો - ગુરુના સંકલ્પને સિદ્ધ કરવા સ્વામીશ્રીએ કમર કસી - વર્ષો સુધી તરશ્ચર્યા કરી - મોટું વિશાળ મંદિર બને તો જ ગુરુનો રાજીપો પ્રાપ્ત થાય અને તેથી જ ગુરુના સંકલ્પ મુજબ જ ૧૦૨ એકર જમીનમાં પાંચ વર્ષમાં યમુનાજીને કાંઠે ખડું કરી દીધું અક્ષરધામ. (૩) દિલ્હી અક્ષરધામ ૨૦૦૫ નવેમ્બરમાં જાહેર જનતા માટે દર્શનાર્થે ખુલ્લું મૂકાયું અને જાણે નવા યુગનો ઉદય થયો - યુગ પરિવર્તનનું કાર્ય શરૂ થઈ ગયું - ગુલાબી આરસનું ભવ્ય અને દિવ્ય મંદિર યમુનાજીને કાંઠે શોભી રહ્યું. અક્ષરધામના દર્શને આવનાર દર્શનાર્થીઓ બહારથી જ ભવ્યતા જોઈને આશ્ચર્યમાં ગરકાવ (પ્રસંગો લખવા) અક્ષરધામની એ વિશેષતા કે કોઈપણ ધર્મના, સંપ્રદાયના દર્શનાર્થી આવે તે અભિભૂત થયા વિના રહે જ નહિ - હમણાં બોલી ઉઠશે એવી જીવંત મૂર્તિઓ, શિલ્પકામ, બાંધકામ, સુંદર વ્યવસ્થા, મેનેજમેન્ટની કુશળતા દેખાય. (૪) અક્ષરધામના પ્રથમ પ્રદર્શનમાંથી અહિંસા, નીતિમત્તાના પાઠ શીખવા મળે - વ્યસનો, દૂષણોથી થતી બરબાદી નજર સમક્ષ નિહાળીને વ્યસનીઓએ પોતાનાં વ્યસનો મૂક્યાં, અન્ય દૂષણો મૂક્યાં અથવા તે છોડવાની પ્રતિજ્ઞા લીધી. (પ્રસંગો) નીલકંઠયાત્રાના 'શો'માં નીલકંઠનું પ્રભાવક વ્યક્તિત્વ નિહાળીને કિશોરો, યુવકોએ નીલકંઠવર્ણીની રોલ મોડેલ ગણવાનો સંકલ્પ કર્યો. અડગતા, નિર્ભયતા, લોભનો ત્યાગ વગેરે સદ્‌ગુણોના દર્શન કર્યાં. ભારતીય સંસ્કૃતિનો ભવ્ય ભૂતકાળ નિહાળીને આપણી સંસ્કૃતિની અસ્મિતા જાગી. (પ્રસંગો લખવા) (૫) આંતરિક પરિવર્તનો થયાં - અક્ષરધામ સંકુલમાં પ્રવેશતાં જ પરિવર્તનની અનુભૂતિ - બાહ્ય શુદ્ધિની સાથે આંતિરિક શુદ્ધિ, સ્વભાવ મૂકવા, સંયમી જીવન વગેરે નિહાળી દર્શકો પ્રભાવિત (પ્રસંગો) (૬) આમ, દિલ્હીનું અક્ષરધામ યુગપરિવર્તનનું પ્રતીક બની ગયું છે. સ્વામીશ્રીનું આ યુગ કાર્ય છે. વિશ્વ સ્વામીશ્રીને આ કાર્યથી યુગો સુધી યાદ કરશે અને તેમનું ઋણી રહેશે. - ઉપસંહાર.

**૩. બી.એ.પી.એસ. નો ઉજાસ : આદિવાસી વિસ્તારોમાં : (૧)** કોઈપણ ઈમારતની બુલંદી તેનો પાયો - આદિવાસી એકતા ઉત્કર્ષનો પાયો પ્રમુખસ્વામી મહારાજ. (૨) ભગવાન સ્વામિનારાયણનો ધરમપુર તાલુકા દ્વારા ગુજરાતમાં પ્રવેશ - નીલકંઠવર્ણીની દિવ્ય દૃષ્ટિના પ્રભાવનું સ્વામીશ્રીના પુરુષાર્થથી આદિવાસીઓના ઉત્કર્ષમાં પરિણામ - સ્વામીશ્રીનું આદિવાસીઓને સંબોધન ઘણું બધું કહી જાય છે. - આદિવાસીઓનો અર્થ - સૌથી આદિ પરમાત્મા - તેમની સમીપ રહેનારા એ આદિવાસી - પરમાત્માની નજીક તેથી પરમાત્માની તમારા પર વિશેષ કૃપા. (૩) છેલ્લા ચાર દાયકાથી સ્વામીશ્રીનું આદિવાસીઓના વિસ્તારમાં વિચરણ - ઝૂંપડે - ઝૂંપડે જઈને અજવાળાં પાથર્યાં. (પ્રસંગો) પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વિના આદિવાસીઓના સુખ સમૃદ્ધિની ઉન્નતિ - ઝૂંપડી કે કૂબામાં તૂટેલી પાંગતવાળી ખાટ પર કે ફાટેલ તૂટેલ ગોદડી પર બેસીને અને અડદનાં ઢેબરાં જમીને આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે પોતાની જાતને પાયામાં ધરબી દીધી. (૪) આજે ગુજરાતમાં મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના આદિવાસી પ્રદેશોના વનવાસીઓના કલુષિત જીવનને પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ધોવાઈને સત્સંગ, સદાચાર, શ્રદ્ધા અને ભક્તિમાં પરિણમ્યાં છે. (પ્રસંગો) (૫) અનેક દેવદેવીઓની માન્યતાઓમાંથી બહાર નીકળી ભગવાન અને સંત પર અચળ શ્રધ્ધા - રોગચાળો ફેલાય તેમજ ગમે તેવી આપત્તિમાં માનતા કરતા પણ હવે સત્સંગના રંગે રંગાઈ ગયા છે. વહેમ, વ્યસનની સંપૂર્ણ નાબૂદી થઈ છે. કુરિવાજો અને ખોટી માન્યતાઓને તિલાંજલિ - અમુક કુરિવાજ કે માન્યતાને માટે બાળકની ટુકડી તૈયાર કરતા પણ અચકાય નહિ એવા - આદિવાસી બંધુઓ ચુસ્ત સત્સંગી બન્યા છે. (પ્રસંગો) (૬) દારૂના વ્યસનમાંથી મુક્તિ - લાખો રૂપિયા દર વરસે આ બદીઓમાં જતા હવે આ રૂપિયા સત્સંગમાં વપરાય છે. વ્યસનો દૂર થવાથી જીવન ઉજ્જવળ - સાથે સાથે પૈસે ટકે સુખી - (પ્રસંગો) (૭) પ્રામાણિકતા  એક લાખ રૂપિયાનું મળેલ બંડલ બાળમંડળનો બાળક બેંક મેનેજરને સુપરત કરે એવા ઊડીને આંખે વળગે તેવી પ્રામાણિકતા - નિયમધર્મની દઢતા - સત્સંગ પ્રસાર અને પ્રચાર માટે સમર્પણ - શૈક્ષણિક ઉત્કર્ષ - લૂંટફાટ છોડી નીતિમય જીવન - પ્રસંગો લખવા. (૮) આમ, સ્વામીશ્રીના અથાગ પરિશ્રમથી આદિવાસીઓના જીવન ઉર્ધ્વગામી બન્યા છે અને શુદ્ધ પવિત્ર થયેલ હૃદયોમાં સ્વામીશ્રીને ભગવાન દેખાય છે. - સ્વામીશ્રીએ પાયામાં રહીને આદીવાસીઓનાં જીવનનો ઉત્કર્ષ સુપેરે કર્યો છે. - આમ, આદિવાસી વિસ્તારોમાં બી.એ.પી.એસ.નો ઉજાસ ફેલાયો છે. - ઉપસંહાર.

❑ ❑ ❑